# સંયુક્ત પસંદગી સમિતિ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણવિભાગ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તાબાની નિયામકશ્રી નગરપાલિકાઓની કચેરીના નિયંત્રણ હેઠળની રાજ્યની જુદી જુદી નગરપાલિકાઓમાં નીચે દર્શાવેલી વર્ગ-૩ ની જગ્યાઓ પર સીધી ભરતીની મેરીટ યાદી તૈયાર કરવા માટે જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ ભરતી નિયમો મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં OJAS વેબસાઈટ પર **માત્ર ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે.** આ માટે ઉમેદવારે **http://ojas.guj.nic.in** અથવા **http://ojas1.guj.nic.in** વેબસાઈટ પર **તા.૨૧/૧૧/૨૦૧૧ (સાંજે ૫-૦૦ કલાક) થી તા.૧૨/૧૨/૨૦૧૧ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી)** દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ ફોટોગ્રાફ (15 kb) અને સહીનો નમૂનો (15 kb) સાઈઝથી વધે નહી તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાના બધાજ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. **પસંદગીની પ્રક્રિયા માટેની પરીક્ષા હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પદ્ધતિથી લેવામાં આવશે. પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો.તેમજ પસંદગીની તમામ પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી આ નંબર બદલવો નહીં.**

**૧. ભરવાપાત્ર જગ્યાઓ સહ અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.**

| જાહેરાત ક્રમાંક | સંવર્ગ | ભરવાની કુલ જગ્યાઓ | અનુસુચિત જાતિ | | | અનુસુચિત જનજાતિ | | | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ | | | શારિરીક ખોડ ખાંપણ | માજી સૈનિક | સામાન્ય વર્ગ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | કુલ | | | પુ | સ્ત્રી | કુલ |
| **UDD/201112/1** | મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ | ૩૨ | ૦૨ | ૦ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૬ | ૦૨ | ૦૮ | ૦ | ૦૩ | ૧૩ | ૦૫ | ૧૮ |
| **UDD/201112/2** | મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ | ૧૧૧ | ૦૫ | ૦૨ | ૦૭ | ૧૧ | ૦૫ | ૧૬ | ૨૦ | ૦૯ | ૨૯ | ૦૩ | ૧૧ | ૪૧ | ૧૮ | ૫૯ |
| **UDD/201112/3** | મ્યુનિસિપલ ઇજનેર | ૬૨ | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૬ | ૦૩ | ૦૯ | ૧૧ | ૦૫ | ૧૬ | ૦૧ | ૦૬ | ૨૩ | ૧૦ | ૩૩ |

૨.

- ❖ અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનુસૂચિતજાતિ, અનુસૂચિતજનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.
- ❖ અનામત વર્ગોના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.
- ❖ ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિ/કક્ષામાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો, તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ કે તેનો કોઈ પ્રત્યુત્તર

આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

- માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦ટકા મુજબ જગ્યાઓ અનામત છે, જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક માજી સૈનિક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની અનામત જગ્યાઓનો જેતે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.
- શારીરિક ખોડખાંપણ ધરાવનાર વ્યક્તિઓ માટે સરકારી સેવામાં સીધી ભરતીથી નિમણૂંકની પ્રક્રિયામાં વિકલાંગ ધારો – ૧૯૯૫ ની જોગવાઈઓ અનુસાર ૩ ટકા અનામતમાં અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની કેટેગરી-૧ માટે ૧ ટકો તથા શ્રવણની ખામીની કેટગરી-૨ માટે ૧ ટકો કે જે ઉમેદવારો ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતાં હોય તેમના માટે અનામત રહેશે તથા હલનચલન કેટેગરીની વિકલાંગતા –OA (One arm), OL(One Leg), BL(Both Leg), OAL (One arm and One leg)-અથવા મગજનો લકવો (cerebral palsy) ધરાવતા ઉમેદવારો માટે પણ ૧ ટકો જગ્યા અનામત રહેશે.
- શારીરિક ખોડખાંપણની જગ્યાઓ નીચે મુજબ ભરવાની રહેશે.

| **જાહેરાત ક્રમાંક** | **સંવર્ગ** | **શારીરિક ખોડ ખાંપણ** | **અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની કેટેગરી-૧** | **શ્રવણની ખામીની કેટગરી-૨** | **હલનચલનનીવિકલાંગતા અથવા મગજનો લકવોકેટગરી-૩** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| UDD/201112/1 | મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ. | ૦ | ૦ | ૦ | ૦ |
| UDD/201112/2 | મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ | ૩ | ૧ | ૧ | ૧ |
| UDD/201112/3 | મ્યુનિસિપલ ઇજનેર | ૧ | - | ૧ | - |

શારીરિક ખોડખાંપણની ઉપર દર્શાવ્યા મુજબની જગ્યાઓ પૈકી કેટેગરી -૧ ના ઉમેદવારો ન મળે કે ઓછા મળે તો તે જગ્યાઓ કેટેગરી-૨ થી અને જો તે પણ ન મળે કે ઓછા મળે તો તે જગ્યાઓ કેટેગરી-૩ થી ભરવામાં આવશે.

- મહિલાઓ માટેની જગ્યાઓ ૩૦ ટકા મુજબ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

- સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત સમિતિ માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં રજૂ કરવાના રહેશે.

- એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય

– આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સરકારશ્રી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

❖ **ઉક્ત જગ્યાઓના વેતન અને પગાર ધોરણ, શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદાની વિગતો નીચે મુજબ છે.**

| સંવર્ગ | પગાર ધોરણ | પ્રથમ પાંચ વર્ષ માટે મળવાપાત્ર વેતન | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા (અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૨/૧૨/૧૧ ની સ્થિતીએ) |
|---|---|---|---|---|
| ૧.મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે રૂ. ૪૪૦૦) | રૂ. ૧૦,૦૦૦ | એમ.બી.એ./એમ.સી.એ./ એમ.કોમ/ એમ.એસ.સી. (ગણિત/આંકડાશાસ્ત્ર)/ એમ.એ. (આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર /ગણિત) **અથવા** બી.બી.એ./બી.કોમ./ બી.એસ.સી. (ગણિત /આંકડાશાસ્ત્ર)/બી.એ.(આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ ગણિત)માં બીજા વર્ગની પદવી **અથવા** સરકાર માન્ય સમકક્ષ લાયકાત. | ૩૦ વર્ષથી વધુ નહીં |
| ૨.મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે રૂ.૪૨૦૦) | રૂ. ૯,૪૦૦ | બી.બી.એ. અથવા બી.કોમ. અથવા બી.એસ.સી. (ગણિતશાસ્ત્ર /આંકડાશાસ્ત્ર) અથવા બી.એ.(આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ ગણિતશાસ્ત્ર) ની પદવી **અથવા** સરકાર માન્ય સમકક્ષ લાયકાત. | ૨૮ વર્ષથી વધુ નહીં |
| ૩. મ્યુનિસિપલ ઇજનેર | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે રૂ. ૪૪૦૦) | રૂ. ૧૦,૦૦૦ | સિવિલ ઇજનેરી / ટેકનોલોજીમાં સ્નાતકની પદવી | ૨૮ વર્ષથી વધુ નહીં |

➢ ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ, ૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની ઉપર દર્શાવ્યા મુજબની શૈક્ષણિક પદવી કે તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોવા જોઈએ.

➢ નાણા વિભાગના તા.૧૬-૨-૦૬, તા.૧-૮-૦૬ તથા તા.૬-૧૦-૨૦૧૧ ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગનાં તા.૪-૬-૦૯ નાં ઠરાવની જોગવાઈઓને આધીન જે બોલીઓ/શરતો/નિયમો નકકી કરેલ છે તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવે તે બોલીઓ/ શરતો/ નિયમો/ ઉમેદવારને બંધનકર્તા રહેશે. પ્રવર્તમાન જોગવાઈઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે ઉપર દર્શાવ્યા મુજબના વેતનના ધોરણે લાયક ઉમેદવારને અજમાયશી ધોરણે નિમણૂંક અપાશે. તે સિવાય અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહીં. ત્યારબાદ પાંચ વર્ષની સંતોષકારક સેવાપૂર્ણ થયાની ખાત્રી થયા

બાદ ઉપર જણાવેલ વિગતે અથવા સરકારશ્રી દ્વારા જે તે જગ્યા માટે વખતોવખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણોમાં નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

૩. **રાષ્ટ્રીયતા**:-ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

૪. ઉમેદવાર ગુજરાતી / હિન્દી અથવા બંન્ને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૫. **કોમ્પ્યુટરજાણકારી:-**

(૧) ઉમેદવાર રાજય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. (૨) સામાન્યવહીવટવિભાગનાંતા.૧૩-૮-૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસ ક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે તથા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ – ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતાં હોવા જોઈએ. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂંક મેળવતાં પહેલાં આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

**૬. વયમર્યાદામાંછૂટછાટ:-**

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૫(પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.
- વિકલાંગ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડેન્ટ /સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ (દસ) વર્ષની છૂટછાટ મળશે.
- **સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૫-૧૯૯૭નાં ઠરાવની જોગવાઈ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.**
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભુમિ આર્મ્ડફોર્સીસમાં ઓછામાં ઓછા ૬(છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ /પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩(ત્રણ) વર્ષ સુધીની છૂટછાટ મળશે.

**<u>ખાસ નોંધ:-</u>**

૧) તમામ કેટેગરીનાં ઉમેદવારોની ઉપલી વયમર્યાદા છૂટછાટ સાથે કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫વર્ષથી વધવી જોઈશે નહીં.

૨) તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને નોન ક્રિમિલિયર સર્ટિફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

**૭. અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગે ની સૂચના:-**

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારોએ નજીકની કોઇપણ કમ્પ્યુટરાઝ્ડ પોસ્ટ ઓફિસમાં રોકડેથી ભરવાની રહેશે.(૨) દરેક અરજી માટે અલગ-અલગ રૂ.૧૦૦/- લેખે ફી ભરવાની રહેશે. (૩) ઓનલાઇન અરજી કરતી વખતે અરજીપત્રકમાં આપેલ ચલણ ની ૩(ત્રણ) નકલની હાર્ડ કોપી કાઢી તે પોસ્ટ ઓફિસમાં રજૂ કરવાથી પોસ્ટ ઓફિસ દ્વારા આ ફી સ્વીકારવામાં આવશે.(૪) આ ૩ (ત્રણ) ચલણ પૈકી એક

ચલણ પોસ્ટ ઓફિસ રાખશે અને બીજાં બે સહી/સિક્કા કરી ઉમેદવારને પરત કરશે જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે અચૂક રજૂ કરવાના રહેશે. જો પરીક્ષા સમયે ઉમેદવાર આ ચલણ રજૂ નહીં કરે તો તેને પરીક્ષામાં બેસવા દેવામાં નહીં આવે.(૫) ઓનલાઇન અરજી કરવા પોસ્ટ ઓફિસોમાં પણ સગવડ કરવામાં આવી છે. આ અંગે અરજીના પાન દીઠ રૂ. ૧૦ પોસ્ટઓફીસ ચાર્જ પેટે ચુકવવાના રહેશે. આમ, ઓનલાઇન અરજી પોસ્ટ ઓફિસ અથવા અન્ય ઇન્ટરનેટની સુવિધાવાળા સ્થળેથી કરી શકાશે **પરંતુ અરજી ફી માત્ર પોસ્ટ ઓફિસમાં જ સ્વીકારવામાં આવશે.**(૬) રોકડેથી ફી સ્વીકારવા માટેનો પોસ્ટ ઓફિસે નક્કી કરેલો ચાર્જ (રૂ.૧૦૦+ રૂ. ૧૦ (પોસ્ટ ઓફીસ ચાર્જ) ભરી દેવાનો રહેશે. જો ઉમેદવાર મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ તેમજ મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ એમ બન્ને જગ્યાઓ માટે અરજી કરશે તો રૂા.૨૦૦+૨૦ (પોસ્ટ ઓફીસ ચાર્જ) ભરવાનો થશે). અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં. **પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તારીખ ૧૬/૧૨/૨૦૧૧ (કચેરી સમય) સુધી છે.** (૭) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી. (૮) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેતી નથી. (૯) અશક્ત (Disable) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી. (૧૦) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

૮. **પસંદગી પ્રક્રિયાઃ-**

**<u>મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ તથા મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગ્યાઓ માટેઃ-</u>**

લેખિત પરીક્ષામાં ૧૦૦ ગુણનું એક પેપર રહેશે.આ પેપરનો સમયગાળો ૨ કલાકનો રહેશે. હેતુલક્ષી પ્રકારના આ પેપરમાં સામાન્ય અભ્યાસ **<u>ભાગ-૧</u>** જેમાં ધોરણ-૧૨ ની કક્ષાના ગુજરાતી અને અંગ્રેજી ભાષાના જ્ઞાનનો પણ સમાવેશ થશે. સામાન્ય અભ્યાસમાં ૧. સામાન્ય વિજ્ઞાન, ૨. ભારતનું બંધારણ, ૩. તાજેતરના મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ / બનાવો, ૪. ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ, ૫. ગુજરાતની ખેતી અને ઉદ્યોગો, ૬. ગુજરાતનો સાંસ્કૃતિક વારસો – સાહિત્ય, કલા, ધર્મ, ૭. ખેલ જગત, ૮. ગુજરાતની રાજનીતિ, ૯. પંચાયતી રાજ, ૧૦. મહાગુજરાત આંદોલન – સ્થાપના અને ત્યાર બાદની મહત્વની ઘટનાઓ, ૧૧. વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો, ૧૨. મહત્વના આંતરરાષ્ટ્રીય મુદ્દાઓનો સમાવેશ થશે અને **<u>ભાગ-૨</u>** જેમાં ૧. નામાપધ્ધતિ (Accounts), ૨. આંકડાશાસ્ત્ર, ૩. ગણિત, ૪. અર્થશાસ્ત્ર – ગુજરાત અને દેશની અર્થવ્યવસ્થા, ૫. જાહેર વહીવટ, ૬. સામાન્ય બૌધિક કસોટી, ૭. કોમ્પ્યુટર અંગેની સામાન્ય જાણકારી વિગેરેનો સમાવેશ થશે. ભાગ-૧ અને ભાગ-૨ માં ગુણોની વહેંચણી સરખે હિસ્સે કરવામાં આવશે. આ બન્ને જગાઓ માટે અલગ અલગ પરીક્ષા થશે. અભ્યાસક્રમ સરખો હોવા છતાં બન્ને પરીક્ષાઓનું ધોરણ અલગ અલગ રહેશે. આ પરીક્ષામાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં **જે તે જવાબના નિશ્ચિત ગુણના $^1/_3$ ગુણ ઉમેદવારે મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. આ પેપરનું માધ્યમ મહદ્ અંશે ગુજરાતી રહેશે. આ માટે કોઇ મૌખિક ઇન્ટરવ્યુ લેવામાં આવશે નહીં.**

**પરીક્ષાના કેન્દ્રોઃ-**

આ લેખિત પરીક્ષા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે લેવામાં આવશે. ઉમેદવારોની સંખ્યા, પરીક્ષા કેન્દ્રોની ઉપલબ્ધી વગેરે પરીબળોને ધ્યાનમાં લઇ પસંદગી સમિતી આ કેન્દ્રોમાં વધારો કે ઘટાડો કરી શકશે. ઉમેદવારે ઉપર મુજબના ૪(ચાર) પૈકી કોઇ એક જ સ્થળની પસંદગી કરવાની છે.

**<u>મ્યુનિસિપલ ઇજનેરઃ-</u>**

(૧) મ્યુનિ. ઇજનેરની જગ્યાની નિમણૂંક માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે હેતુલક્ષી પ્રકારનું એક પેપર રહેશે. આ પેપર ભાગ-૧ અને ભાગ-૨ માં લેવામાં આવશે. ભાગ-૧ માં સામાન્ય અભ્યાસના ઉપર ફકરા ૮ માં દર્શાવેલ મુદ્દા ૧ થી ૧૨ સુધીના ક્ષેત્રોનો સમાવેશ થશે અને ભાગ-૨ માં સિવિલ ઈજનેરીના સ્નાતક કક્ષાના વિષયો / ક્ષેત્રોનો સમાવેશ થશે. આ પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું રહેશે. આ પેપરનો સમય ૧ કલાકનો રહેશે. ભાગ-

૧ અને ભાગ-૨ માં સરખે હિસ્સે ગુણોની વહેંચણી કરવામાં આવશે. આ પરીક્ષામાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૧/૩ ઉમેદવારે મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. આમ કુલ ૧૦૦ ગુણ પૈકી મેળવેલ ગુણના આધારે મેરીટ અને કેટેગરીવાર પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. આ માટે કોઇ મૌખિક ઇન્ટરવ્યુ લેવામાં આવશે નહીં. આ પેપરનું માધ્યમ અંગ્રેજી રહેશે.

**<u>નોંધ:-</u> આ જગા માટેની લેખિત પરીક્ષા માત્ર અમદાવાદ કેન્દ્ર ખાતે જ લેવાશે.**

૯. <u>સામાન્ય સુચનાઓ:-</u>

(૧) **દરેક જગ્યા માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે અને અલગ-અલગ ફી ભરવાની રહેશે. દરેક જગ્યા માટે અલગ પરીક્ષા લેવામાં આવશે.**

(૨) સદરહુ ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો વખત નિયામકશ્રી નગરપાલિકાઓની કચેરીના હેલ્પ લાઇન ટેલીફોન નંબર ૦૭૯-૨૩૨૫૬૩૦૫ અથવા ૦૭૯-૨૩૨૫૬૩૦૭ પરથી તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ પરથી જાણવા મળી શકશે. તેમજ પરીક્ષાનો કોલ લેટર, કેન્દ્ર અંગેની જાણકારી, તારીખ, સ્થળ અંગેની અગત્યની જાણકારી જરૂર જણાયે ઉમેદવારને તેમણે અરજીમાં દર્શાવેલ મોબાઇલ ફોન નંબર ઉપર SMS થી જણાવવામાં આવશે.

(૩) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પસંદગી સમિતિ /ખાતા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે, અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૪) શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મમાં પર્સનલ ડીટેઈલ્સમાં પોતાની અશક્તતાની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

(૭) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાને દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી, તો તે તબકકે આ ઉમેદવારને નિમણૂંકન આપવાનો નિર્ણય લઈ શકશે અને આ બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધીન રહેશે.

(૯) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંયુક્ત પસંદગી સમિતિને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૧૦)(અ) સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે મતલબનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક માં તા.૩૧/૦૩/૨૦૧૧ના રોજ પુરા થયેલ ૨૦૧૦-૧૧ ના નાણાકીય વર્ષની આવકને ધ્યાને લઈને,

તા.૦૧/૦૪/૨૦૧૧ના રોજથી તા.૦૭-૧૨-૨૦૧૧ સુધી યોગ્ય સત્તાધિકારીએ આપેલ હોવું જોઈએ અને આ પરિશિષ્ટ-ક નો નંબર અને તારીખ ઓનલાઈન અરજી વખતે દર્શાવવાનો રહેશે. પરિશિષ્ટ-ક ના સ્થાને એનેક્ષર-એ નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.

(બ) પરણીત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના આધારે રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(ક) અરજી સાથે પરિશિષ્ટ-ક ને બદલે એનેક્ષર-એ (અંગ્રેજીમાં) રજૂ કરેલ હશે તો પણ આવા ઉમેદવારની અરજી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામાં આવશે નહીં.

(૧૧) દરેક જગ્યાઓ માટે ઉમેદવારોએ સ્વખર્ચે પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનું રહેશે.

**અરજી કરવાની રીતઃ-**

આ જાહેરાતના સંદર્ભમાં સમિતિ દ્વારા એન.આઈ.સી. ની **http://ojas.guj.nic.in** અથવા **http://ojas1.guj.nic.in** વેબસાઈટ મારફત ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવ્યા તારીખઃ૨૧/૧૧/૨૦૧૧ (સાંજના ૫-૦૦ કલાક) થી તારીખઃ ૧૨/૧૨/૨૦૧૧ (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન વેબસાઈટ **http://ojas.guj.nic.in** અથવા **http://ojas1.guj.nic.in** પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટમાં વેબસાઈટ **http://ojas.guj.nic.in** અથવા **http://ojas1.guj.nic.in** પર જવું અને તેમાં નીચે જણાવેલ પગથિયા(સ્ટેપ્સ) ને અનુસરીને અરજીપત્ર ભરવું.

(૧) Apply Online પર Click કરવું (૨) જગ્યા પર Click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૩) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવાની ભરવી. (અહી લાલ (*) ફુંદડી નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૪) Personal Details ભરાયાદ બાદ Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું. (૫) હવે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર (exam centre) પર Click કરવું. અહીં પોતાની પસંદગીનું પરીક્ષા કેન્દ્ર ભરવું. (૬) તેની નીચે Self Declaration માં Yes / No પર Click કરવું. (૭) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે અને નંબર ક્રીએટ થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. અને હવે પછી આ આ જાહેરાતના સંદર્ભમાં સમિતિ સાથે કોઈપણ પત્રવ્યવહારમાં દર્શાવવાનો રહેશે. (૮) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ ok પર Click કરો. અહી Photo અને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી પહોળાઈ અને Signature નું માપ ૨.૫ ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (15 kb) સાઈઝથી વધારે નહી તે રીતે Computer માં હોવો જોઈએ) Browse Button પર Click કરો અને Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG format માં તમારો Photo Store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે. (૯) હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ OK પર Click કરવાથી બે (૨) બટન ૧: Application Preview ૨: Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm કર્યા બાદ અરજીમાં

કોઈપણ સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો સમિતિમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirmation Number Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation Number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહીં. (૧૦) હવે Print Application પર Click કરવું અહીં તમારો Confirmation Number ટાઈપ કરવાનો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી અને સાથે સાથે PrintChallan બટન પર ક્લીક કરી ચલનની નકલો કાઢી લેવી. ચલનની એક પાનામાં ત્રમ નકલો નીકળશે. જે ચલન નજીકની કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફીસમાં રજુ કરી અરજી ફી ભરપાઈ કરવાની રહેશે. (૧૧) જો અરજીમાં આપે મોબાઈલ નંબર આપેલ હશે તો અરજી Confirm થયેથી તુરત જ આપને અરજીમાં દર્શાવેલ નંબર ઉપર SMS મળશે. આપના મોબાઈલ નંબર ઉપર સમિતિ દ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષા અને પસંદગીની પદ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો **http://ojas.guj.nic.in** અથવા **http://ojas1.guj.nic.in** ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી સમક્ષ રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણૂંક અધિકારી દ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણૂંક સત્તાધિકારી /સમિતિના પરામર્શમાં રદ કરવામાં આવશે.તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ આવા ઉમેદવારની જો પસંદગી /નિમણૂંક થયેલ હશે તો સંબંધિત કચેરી દ્વારા સંયુક્ત પસંદગી સમતિના પરામર્શમાં કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે. આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ વખતો વખત સુધાર્યા મુજબ અને તે અન્વયે આ સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી / પરીક્ષા નિયમોને આધિન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંયુક્ત પસંદગી સમિતિને સંપૂર્ણ હક્ક /અધિકાર રહેશે અને સંયુક્ત પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

--sd--

**તારીખઃ-** ૧૮/૧૧/૨૦૧૧ **(આર.એમ.જાદવ)**

**સ્થળઃ-** ગાંધીનગર **અધ્યક્ષ**

સંયુક્ત પસંદગી સમિતિ અને

નિયામક નગરપાલિકાઓ,

ગાંધીનગર.